**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજશ્રીની કોર્ટમાં, મુ.નવરંગપુરા, અમદાવાદ.**

**ક્રિ.પ.અ.નં.૫૩૮/૨૦૨૬**

**આંક–**

**અરજદાર:** **દર્શન ગણેશ નાઈક**
રહે.નાયક ચાલ, જવાહર રોડ,
સાંઈદીપ હોસ્પીટલ પાસે,
પટેલ પડા, ઘનુરોડ,ઈસ્ટ થાણે,
મહારાષ્ટ્ર

વિરૂધ્ધ

સામાવાળા : ધ સ્ટેટ ઓફ ગુજરાત

**બાબત : ભા.ના.સુ.સ.ની કલમ ૪૯૭ તેમજ ૫૦૩ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની અરજી .**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી બી.સી.નાયક
સામાવાળા સરકાર તરફે વિ.પી. પી. શ્રી પી.એમ.ત્રીવેદી

---

**હુ ક મ**

૧. અરજદારે હાલની અરજી ક્રિ.પ્રો.કો.કલમ–૪૫૧ અન્વયે ધોલેરા પો.સ્ટે. ફ.ગુના રજી. નં.૧૧૧૯૨૦૧૯૨૫૦૨૯૪/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૧૦(૨), ૩૧૧,૬૧ તથા જી.પી.એ.ક.૧૩૫ થી નોંધાયેલ છે તેના કામે પોલીસે તપાસ દરમ્યાન

કબજે કરેલ મુદ્દામાલ TOYOTA KIRLOSKAR MOTOR PVT.LTD. કંપનીની (INNOVA CRYSTA 2.4 G) ગાડી જેનો રજીસ્ટ્રેશનનં.એમ.એચ.૦૨.ઈ.યુ.૨૨૦૨ નો CHASSIS NO.MBJJB8EM601531666-1217 તથા ENGINE NO.2GDA155114 નો છે.સદર વાહન અમો અરજદાર/આરોપીનુ કામકાજનુ અને રોજીંદા વપરાશનુ એકમાત્ર સાધન છે પોલીસ સ્ટેશનમાં ખુલ્લુ પડી રહે તો, વાહનના એન્જીન,ટયુબ ટાયર,બેટરી વિગેરેને ખુબ નુકશાન થાય તેમ છે. જેથી કોર્ટ ફરમાવે તેવી શરતોને આધીન ભા.ના.સુ.સ.ની કલમ ૪૯૭ હેઠળ વચગાળાના હેતુ માટે મુદામાલ વાહન પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. આ કામે એ.પી.પી.શ્રીને નોટીસ બજતા એ.પી.પી.શ્રી હાજર થઈ પોલીસનો વાંધા અભિપ્રાય રજુ કરી સદર મુદામાલ વાહન જો વાહન પરત સોંપવામાં આવશે તો તે ફરી ગુનાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરે તેવી શકયતા નકારી શકાય નહી જેથી સદર અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૩. આ કામે ભા.ના.સુ.સ.ની કલમ ૪૯૭ ની જોગવાઈ વંચાણે લીધી. અરજદાર તરફે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો વંચાણે લેતાં, કણભા પોલીસ દ્વારા ઉપરોકત ગુનાના કામે જે વાહન ગાડી કબજે કરવામાં આવેલ છે તે આરોપી પાસેથી કરવામાં આવેલ છે.હાલના અરજદાર તરફે રજુ થયેલ આર.સી.બુક જોતા, સદર વાહન અરજદારના નામનું હોવાનુ ફલીત થાય છે.આ કામે મુદામાલ વાહન ખુલ્લામાં પડેલ હોય

અને તેમાં સ્વભાવિકપણે યાંત્રીક નુકશાન થાય તેમ હોય અને તપાસ કરનાર એજન્સીનું એમ કહેવું નથી કે સદરહું મુદ્દામાલની જાળવણી બાબતે જે કોઈ આવશ્યક પગલાં હોય તે તેઓ  ધ્વારા  લેવામાં  આવી  રહ્યા છે અને તે સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ  દેસાઈના  કેસમાં  કેસ ચાલતા દરમ્યાન મુદ્દામાલ પરત આપવા સબંધી પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાનમાં લેવામાં આવે તો અરજદારની અરજી મંજૂર કરવાપાત્ર જણાય છે અને તેથી હાલની અરજી મંજૂર કરી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧)  અરજદારની હાલની મુદામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨)  ધોલેરા પો.સ્ટે.ફ.ગુના રજી. નં.૧૧૧૯૨૦૧૯૨૫૦૨૯૪/૨૦૨૫, બી.એન.એસ . ની કલમ–૩૧૦(૨),૩૧૧,૬૧ તથા જી.પી.એ.ક.૧૩૫ થી નોંધાયેલ છે તેના કામે પોલીસે તપાસ દરમ્યાન કબજે કરેલ મુદ્દામાલ TOYOTA KIRLOSKAR MOTOR PVT.LTD. કંપનીની (INNOVA CRYSTA 2.4 G)  ગાડી જેનો રજીસ્ટ્રેશનનં.એમ.એચ.૦૨.ઈ.યુ.૨૨૦૨ નો CHASSIS NO.MBJJB8EM 601531666-1217 તથા ENGINE NO.2GDA155114 તે મુદ્દામાલ વાહન આ કામના અરજદાર **દર્શન ગણેશ નાઈક**નાઓ મુદ્દામાલની રકમના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપેથી નીચેની શરતોને આધીન કેસ ચાલતા

દરમ્યાન પરત આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**શ ર તો**

(૧) અરજદારે મુદ્દામાલ વાહન કેસ ચાલતા દરમ્યાન કોઈને વેચાણ,ગીરો,બક્ષીસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવુ નહી.

(૨) અરજદારે ના.કોર્ટ ફરમાવે ત્યારે અને ત્યાં મુદ્દામાલ વાહન રજુ કરવાનું રહેશે.

(૩) મુદ્દામાલ વાહન કોઈપણ રીતે કોઈપણ પ્રકારે ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો નહી.

(૪) મુદ્દામાલ વાહનના રંગ, કદ,આકાર, સ્વરૂપમાં કોઈપણ રીતે ફેરફાર કરવો નહી.

(૫) વાહન પરત સોંપ્યા અંગેનું તપાસનીશ અધિકારીશ્રીએ બે પંચો રુબરુ વાહનનું પંચનામું કરી વાહનની સોંપણી કરવી તથા પંચનામા અંગેના ફોટોગ્રાફસ લઈ તમામ કાર્યવાહી અંગેનો રીપોર્ટ અત્રેની કોર્ટમાં અચૂક કરવો.

(૬) ઉપરોકત શરતોનું અરજદારે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને તે પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આ હુકમ આપોઆપ રદ થયેલો ગણાશે અને તપાસનીશ અધિકારી કે અધિકૃત પોલીસ અધિકારી એ તે મુદ્દામાલનો તાત્કાલીક કબજો લેવાનો રહેશે.

(૭) તપાસનીશ અધિકારીશ્રીએ તમામ અસલ કાગળોની તપાસ કરવી અને તે તમામ દસ્તાવેજો યોગ્ય જણાય ત્યાર બાદ જ મુદ્દામાલ વાહન ઉપરોકત હુકમ મુજબ મુકત કરવું.

અરજદારે જામીન સંબંધીત પો.સ્ટે.માં આપવા.

હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા.૧૩–મી, માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૩/૨૦૨૬

**(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)**
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ), અમદાવાદ.
Code No. GJ-00612